# ગુરુમાઈ ચિદ્વિલાસાનંદની શિખામણો

## અનુશાસિત બનો

શ્રીગુરુગીતાનો પાઠ
રવિવાર, ૨૨ માર્ચ, ૨૦૨૦

ભગવાન નિત્યાનંદ મંદિર

બડે બાબાની પૂજા કરવી એ હંમેશાં મારા સૌથી પ્રિય અભ્યાસોમાંથી એક રહ્યો છે. અને આટલાં વર્ષોથી મેં એક વસ્તુ જોઈ છે કે જ્યારે હું બડે બાબાને ફૂલો અને બીજી પૂજા-સામગ્રી અર્પિત કરવાનો વિશેષરૂપે સંકલ્પ બનાવું છું, ત્યારે હું શક્તિના ઘણા અનોખા રંગોનો, અનોખી આકૃતિઓનો અને ગતિનો અનુભવ કરું છું.

ગઈકાલે સાંજે, ''મંદિરમાં રહો,'' નામના સત્સંગમાં મેં વૈશ્વિક હૉલમાં સાંજની આરતી પછી બધાંનાં તરફથી બડે બાબાને ગુલાબી રંગના ગુલાબ અર્પિત કર્યા હતાં. જ્યારે મેં ગુલાબ અર્પિત કરવાનું શરૂ કર્યું ત્યારે મેં મારા હૃદયમાં અનાયાસ જ આનંદને ઝગમગાતા અનુભવ કર્યો. મને એવું લાગ્યું જાણે એક દિવ્ય હાથ મારા હૃદયની અંતરગુહાને ગલીપચી કરી રહ્યો છે. અને એ આનંદના પ્રકાશ-કણ મારા શરીરના અણુ-અણુમાં મૃદુલતાથી સ્પંદિત થઈ રહ્યાં હતાં. આવા આનંદમય અનુભવની ક્ષણે, મેં સંકલ્પ કર્યો કે તમારામાંથી દરેકને એ મહસૂસ થાય કે દિવ્યાત્માનો કોમળ હાથ તમને પોતાની પાસે પકડી રાખે છે અને તમને આ મુશ્કેલ સમયમાંથી પસાર થવા માટે એ દરેક સહાય મળે જેની તમને જરૂર છે.

આપણા પરમ પ્રિય બડે બાબાને સુંદર ગુલાબી રંગના ગુલાબ અર્પિત કરવામાં મારી સાથે ભાગ લેવા માટે ધન્યવાદ.

***

હવે આપણે ભગવાન નિત્યાનંદના સ્વરૂપ પર ધ્યાન કરીશું.

બડે બાબા અને તેમની શિખામણો પર ધ્યાન કરો.

''બધાં પવિત્ર તીર્થોનું કેંદ્ર હૃદય છે, ત્યાં જાઓ અને ત્યાં જ રમણ કરો.''
આ શિખામણને મૂર્તરૂપ આપો.

હૃદય તમારી અંદર છે.
જે મહાનતાનો તમે તમારા હૃદયમાં અનુભવ કરો છો,
તેને તમારી સત્તાની બહાર પણ પ્રગટ કરો.

હૃદય — હૃદયનો આનંદ — તમારી અંદર છે.
તેને તમારા સંસારમાં પ્રગટ કરો.

તમે ધ્યાન કરો છો, તમારા પોતાના આત્માને જાણવા માટે,
અને જ્યારે તમે તમારી આંખો ખોલો છો,
ત્યારે એ જ્ઞાનને તમે જ્યાં પણ જાઓ છો, ત્યાં તમારી સાથે લઈ જાઓ છો,
તમે જે પણ કરો છો, એ દરેક કાર્યમાં લઈ જાઓ છો.

હૃદય — હૃદયની મધુરતા — તમારી અંદર છે.
એ મધુરતાને મૂર્તરૂપ આપો.

જ્યારે તમે લોકોને જુઓ તો તેમને અનુભવ કરવા દો એ જ મધુરતાનો,
તમારા હૃદયનો, જે જ્ઞાન અને પ્રજ્ઞાનથી ભરેલું છે.

જે જ્ઞાન તમને અંદરથી પ્રાપ્ત થઈ રહ્યું છે, તેને સહજતાથી અપનાવી લો.

જે પ્રજ્ઞાન તમને ધ્યાનમાં મળે છે તેના પર વિશ્વાસ કરો.

તમારું જીવન જીવતા રહીને,
જ્ઞાન અને ધ્યાનના,
જ્ઞાન અને પ્રજ્ઞાનના,
જ્ઞાન અને પ્રાર્થનાઓના,
જ્ઞાન અને સંકલ્પના
તમારા અનુભવોનો ઉપયોગ કરો.

ધ્યાન દરમ્યાન તમે જે અનુભવ કરો છો તે એક ભેટ છે જેને તમારે બીજાં સાથે વહેંચવી જોઈએ.

હું શા માટે કહું છું, ‘‘તમારા આત્માને પ્રેમ કરો’’?
‘‘તમારા આત્માને પ્રેમ કરો’’ હું આ કહું છું જેથી તમે
તમારી આસપાસ પણ એ જ પ્રેમનો અનુભવ કરો.

ભાવસંવેગ ઉમડે છે.
ભાવસંવેગ શાંત પણ થઈ જાય છે.
ભાવસંવેગ બેકાબૂ થઈ જાય છે
વિશેષતઃ, ત્યારે જ્યારે કંઈ પણ તમારા નિયંત્રણમાં નથી હોતું.

એટલા માટે, તમારે અનુશાસનનું પાલન કરવું પડશે.

અનુશાસનમાં અમૃત છે.
અમૃત જ સાચી ઔષધિ છે.

નામસંકીર્તન કરતી વખતે તમારા અંતરના અમૃતનો અનુભવ કરો.

તમારાં વાસણ ધોતી વખતે અંતરના અમૃતનો અનુભવ કરો.

મૌનનું પાલન કરતી વખતે તમારા મનના અમૃતનો અનુભવ કરો.

પૂજા કરતી વખતે તમારા હૃદયના અમૃતનો અનુભવ કરો.

તમારા દુશ્મનોને જુઓ ત્યારે પણ અંતરના અમૃતનો અનુભવ કરો.

જ્યારે તમારી સામે કોઈ પડકાર આવે તો તમારી સત્તાના અમૃતનો અનુભવ કરો.

યાદ રાખો : તમે આત્મા છો.
તમે આત્મા છો.
*આત્મા કી પ્રશાંતિ.*

તમારા મનને વારંવાર, *આત્મા કી પ્રશાંતિ*ના શરણ-સ્થાન તરફ લઈ આવો.

પાછા આવો, પાછા આવો અને પાછા આવો.
પુનઃ વ્યવસ્થિત કરો, પુનઃ વ્યવસ્થિત કરો અને પુનઃ વ્યવસ્થિત કરો.
પુનઃ નવીન કરો, પુનઃ નવીન કરો અને પુનઃ નવીન કરો.

બડે બાબાના અમૃતમય સ્વરૂપ પર ધ્યાન કરો.

© ૨૦૨૦ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.